☞ TITILE ☜

# Comparative Study of Gujarati and other Indian Novels in the Context of Tribal Society and Culture

# આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે ગુજરાતી અને અન્ય ભારતીય ભાષાઓની પસંદ કરેલી નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ

**A Thesis Submitted to**

**THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA, VADODARA**

**For the award of Degree of**

**Doctor of Philosophy**

**in Gujarati**

ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે રજૂ કરેલ શોધનિબંધ

☞ Presented By ☜

**Rathwa Malsingbhai V.**

☞ Guided by ☜

**Prof. Bharat Mehta**

Department of Gujarati, Faculty of Arts,

The Maharaja Sayajirao University of Baroda,

Vadodara-390 002

**GUJARAT, INDIA**

**May, 2019**

**Contents of the Thesis**

## અનુક્રમણિકા


પ્રકરણ : ૧ આદિવાસી સમાજ અને સંસ્કૃતિ....01

- ૧.૧ ભારતીય આદિવાસી સમાજ અને સંસ્કૃતિ....06
- ૧.૨ ગુજરાતી આદિવાસી સમાજ અને સંસ્કૃતિ....10

પ્રકરણ : ૨ ગુજરાતી આદિવાસી નવલકથા.... 13

- ૨.૧ 'મેઘલી રાતે' (૧૯૫૫) - ચંદ્રકાન્ત ગાંધી....14
- ૨.૨ 'કોતરની ધાર પર' (૧૯૮૧) - કાનજી પટેલ....46
- ૨.3 'અંધારું' (૧૯૯૦) - મણિલાલ હ. પટેલ....76
- ૨.૪ 'વગડો' (૧૯૯૭) - ઉશનશ....113
- ૨.૫ 'મંડોળ' (૨૦૦૭) - સુરમલ વહોનિયા....127
- ૨.૬ 'અરવલ્લી' (૨૦૦૭) - કિશોરસિંહ સોલંકી....177
- ૨.૭ 'દાપું' (૨૦૧૦) - સુરમલ વહોનિયા....211

પ્રકરણ : 3 ભારતીય આદિવાસી નવલકથા....233

- 3.૧ 'આરણ્યક' (બંગાળી) (૧૯૬૧) - વિભૂતિભૂષણ બંદોપાધ્યાય....234
- 3.૨ 'ઇયારુઇંગમ' (આસામી) (૧૯૯૬) - વિરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય....281
- 3.3 'અરણ્યનો અધિકાર' (બંગાળી) (૧૯૮૫) - મહાશ્વેતા દેવી....,....308

પ્રકરણ : ૪ સંદર્ભિત નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ....322

- ૪.૧ તુલનાત્મક અભ્યાસ....322
- ૪.૨ નિષ્કર્ષો અને તારણો....,....328

પ્રકરણ : ૫ ઉપસંહાર....330

પરિશિષ્ટ : ૧ સંદર્ભગ્રંથ સૂચિ....335

પરિશિષ્ટ : ૨ કૃતિ સૂચિ....340

પરિશિષ્ટ : 3 કર્તા સૂચિ....341

પરિશિષ્ટ : ૪ સામયિક સૂચિ....342

## Contents of the Executive Summary


1. **Summary…………………………………………………………………………………………………….……04**
2. **Key Finding…………………………………………………………………………………………………..….07**
3. **Conclusions…………………………………………………………………………………………………..…..16**
4. **Bibliography………………………………………………………………………………………………………..17**

# 1. Summary


મારા શોધનિબંધનનો વિષય છે: 'આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે ગુજરાતી અને અન્ય ભારતીય ભાષાઓની પસંદ કરેલી નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ'. પ્રસ્તુત શોધનિબંધને સુનિયોજિત અને સચોટ બનાવવા તથા તેના પ્રત્યેક પાસાંને યોગ્ય ન્યાય મળી રહે એ હેતુથી કુલ 5 (પાંચ) પ્રકરણો તથા 4 (ચાર) પરિશિષ્ટોમાં વિભાજિત કરેલ છે. આ શોધનિબંધનો પ્રકરણવાર અનુક્રમ નીચે મુજબ છે:

પ્રકરણ : 1 આદિવાસી સમાજ અને સંસ્કૃતિ

- 1.1 ભારતીય આદિવાસી સમાજ અને સંસ્કૃતિ
- 1.2 ગુજરાતી આદિવાસી સમાજ અને સંસ્કૃતિ

પ્રકરણ : 2 ગુજરાતી આદિવાસી નવલકથા

- 2.1 'મેઘલી રાતે' (1955) - ચંદ્રકાન્ત ગાંધી
- 2.2 'કોતરની ધાર પર' (1981) - કાનજી પટેલ
- 2.3 'અંધારું' (1990) - મણિલાલ હ. પટેલ
- 2.4 'વગડો' (1997) - ઉશનશ
- 2.5 'મંડોળ' (2007) - સુરમલ વહોનિયા
- 2.6 'અરવલ્લી' (2007) - કિશોરસિંહ સોલંકી
- 2.7 'દાપું' (2010) - સુરમલ વહોનિયા

પ્રકરણ : 3 ભારતીય આદિવાસી નવલકથા

- 3.1 'આરણ્યક' (બંગાળી) (1961) - વિભૂતિભૂષણ બંદોપાધ્યાય
- 3.2 'ઇયારુઇંગમ' (આસામી) (1996) - વિરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય
- 3.3 'અરણ્યનો અધિકાર' (બંગાળી) (1985) - મહાશ્વેતા દેવી

પ્રકરણ : 4 સંદર્ભિત નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ

- 4.1 તુલનાત્મક અભ્યાસ
- 4.2 નિષ્કર્ષો અને તારણો

પ્રકરણ : 5 ઉપસંહાર

પરિશિષ્ટ : 1 સંદર્ભગ્રંથ સૂચિ

પરિશિષ્ટ : 2 કૃતિ સૂચિ

પરિશિષ્ટ : 3 કર્તા સૂચિ

પરિશિષ્ટ : 4 સામયિક સૂચિ

કૃતિ તપાસમાં મેં નીચે મુજબનું ડોળિયું (Form) ઊભું કર્યું હતું અને તે મુજબ કૃતિઓમાંથી પ્રાપ્ત થતી વિગતો તપાસી છે. એની વિશેષતા - મર્યાદાઓ પણ એ સંદર્ભે નક્કી કરી છે. એ રીતે મારા સંશોધનને સામાજિક - સાંસ્કૃતિક તપાસ તરફ વાળ્યું છે.

તદુપરાંત ભાષાશૈલી અને કૃતિ નવલકથા સંદર્ભે કેવી છે તે પણ તપાસ્યું છે. જેના દ્વારા કૃતિના સાહિત્યિક પરિમાણને પણ મૂલવ્યું છે.

## • પ્રકરણ : 1 આદિવાસી સમાજ અને સંસ્કૃતિ:

આદિવાસી સમાજ પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. આદિવાસી સમાજની પોતાની સંસ્કૃતિ એ એમની સાચી ઓળખ આપે છે. સંસ્કૃતિ દ્વારા આ આદિવાસી માનવસમૂહનું સર્જન થાય છે અને આ જ સંસ્કૃતિથી એ વારસો લાંબો સમય સુધી ટકી રહે છે. આદિવાસી સમાજની લોકસંસ્કૃતિ એ પણ વૈવિધ્યસભર છે. ભારતના કયા ભૌગોલિક ભાગમાં અને કઈ ભૌગોલિક પરિસ્થિતિમાં ઉછેર્યા છે અને રહ્યા છે એ પ્રમાણે વિવિધતા જોવા મળે છે. આદિવાસીઓ હમેશાં પોતાની સંસ્કૃતિમાં રહે છે અને આ જ કારણ છે જે હજુ સુધી આદિવાસી સંસ્કૃતિ સ્થપાઈ રહી છે. આદિવાસી સંસ્કૃતિ અત્યંત વૈવિધ્યવાળી છે. આ આદિવાસી સંસ્કૃતિને સમજવા એની નિકટતાનો સંબંધ કેળવવો જરૂરી છે. એમની સંસ્કૃતિમાં એમનો પહેરવેશ, રહેઠાણ, એમનું આંતરિક પાસું, અન્ય સમાજ સાથેનો વ્યવહાર, એમની ખેતી અને જમીન, આર્થિક પાસું, એમના લોકગીતો, ઉત્સવો અને મેળાવડા, રીતરિવાજો, ખાણીપીણી, અંધશ્રદ્ધા, બોલી - ભાષા વગેરેનો સમાવેશ થાય છે.

### ♦ 1.1 ભારતીય આદિવાસી સમાજ અને સંસ્કૃતિ:

ભારત દેશનું નામ આવે એટલે દરેક વ્યક્તિમાં એક વીજળીના ચમકારા જેવો વિચાર આવે છે. ભારત એ વિવિધતામાં એકતાનું પ્રતીક છે. આ એકતાના ચિત્રમાં સાતરંગ મેઘધનુષની રીતે સંમિશ્રણ થયા છે કે તેને અલગ-અલગ પણ જોઈ શકીએ અને એકતાના રૂપમાં પણ જોઈ શકીએ. અહીં વિભિન્ન ધર્મ, ભાષા, પ્રદેશ અને સંસ્કૃતિના લોકો સહિયારું જીવન ગાળે છે. ભારતમાં અલગ અલગ સમાજ વિભિન્ન જાતિઓ વસે છે. આ સમાજ અને જૂથમાં એક વિશાળ અને વિશિષ્ટ જૂથ આદિવાસીઓનું છે. આદિવાસી સમાજ ખૂબ જ વૈવિધ્યયુક્ત હોય છે. સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક ભિન્નતાઓને કારણે પરિચિત એવાં ગ્રામ્ય અને શહેરી સમુદાયોની સ્વતંત્ર ભિન્નતા જાળવી રાખતા સમાજને આદિવાસી સમાજ તરીકે ઓળખવામાં આવે છે. આ સમાજ કુદરતના ખોળે જન્મે છે અને કુદરતના ખોળે જ અસ્ત પામે છે. ભારતની સામાજિક વ્યવસ્થામાં આ આદિવાસીઓ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

આદિવાસીનો અર્થ એવા સમૂહ માટે લેવાય છે કે જે છૂટાંછવાયાં વસવાટ કરતા હોય. એમના લગ્ન આંતરવિવાહી જૂથમાં થાય છે અને તેઓ પોતાની આગવી સમાજ વ્યવસ્થાને જાળવી રાખે છે. આ જ બાબત આપણને ભારતના પ્રસિદ્ધ નૃવંશશાસ્ત્રી ડી. એન. મજમુદાર આદિવાસીની વ્યાખ્યા આપતા જણાવે છે કે,

“આદિવાસી એ પ્રાદેશિક જોડાણ ધરાવતું આંતરવિવાહી સામાજિક જૂથ છે. જેમાં કાર્યોના વિશેષીકરણનો અભાવ હોય છે. પોતાની વિકસાવેલી શાસનવ્યવસ્થા હોય છે. ભાષા કે બોલીની સમાનતા હોય છે. અન્ય આદિવાસી સમૂહથી અંતર ધરાવે છે અને તેઓ આદિમ પ્રણાલિકાઓ માન્યતાઓ તથા રિવાજો

અનુસરે છે." તેથી જ ભારતના અલગ અલગ રાજ્યમાં રહેતા આદિમ સમાજની સમાજ વ્યવસ્થા, બોલી, ભાષા, રહેઠાણ, ખાણીપીણી, પહેરવેશમાં ભિન્નતા જોવા મળે છે.

### ♦ 1.2 ગુજરાતી આદિવાસી સમાજ અને સંસ્કૃતિ:

આદિવાસી સંસ્કૃતિએ આદિકાળથી પ્રવર્તતી સંસ્કૃતિ છે. સંસ્કૃતિએ આદિવાસી સમાજમાં સહજ રીતે સમવાયેલી છે. આદિવાસી જીવન એ કુદરતના નિયમો પ્રમાણે ચાલતો સમાજ છે. ગુજરાતમાં અરવલ્લીથી લઈને મહિસાગર, દાહોદ, સાબરકાંઠા, છોટાઉદેપુર, રાજપીપળા, વ્યારા, ઉચ્છલ, નિઝર, બોડેલી, ધરમપુર, વાંસદા, ડાંગ, દમણ, સેલવાસ સુધીના અલગ ભૂભાગ પર વસતા ગુજરાતી આદિવાસી લોકોનું જીવન, પ્રશ્નો - સમસ્યાઓ અને મન:સ્થિતિ, રીતરિવાજો, ખેતી અને જમીનના પ્રશ્નો, અન્ય સમાજ સાથેનો નાતો, એમનું આંતરિક - બાહ્ય પાસું, આદિવાસી સંસ્કૃતિ, આદિવાસી બોલીઓ આ નવલકથાઓમાં કલાત્મક રીતે નિરૂપાઈ છે.

## 2. Key Finding

I. ગુજરાતી આદિવાસી નવલકથા

II. ભારતીય આદિવાસી નવલકથા

III. સંદર્ભિત નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ

# • પ્રકરણ : 2 ગુજરાતી આદિવાસી નવલકથા:

આદિવાસી બોલી, પહેરવેશ, રીતરિવાજ, લાક્ષણિકતાઓ, પ્રાકૃતિક ધર્મ, અંધશ્રદ્ધા, વહેમ, વસ્ત્રો-પરિધાન, હાટ-મેળાવડાઓ, લગ્નપ્રથા, સામાજિક વ્યવસ્થા, આર્થિકતાના પ્રશ્નો, આદિવાસી સમાજનું આંતરિક-બાહ્ય પાસું વગેરેનું સહજ આલેખન જે કૃતિમાં આવે તે આદિવાસી સાહિત્ય. આદિવાસી સાહિત્યનો આ પ્રવાહ સૌપ્રથમ કથાસાહિત્યના સ્વરૂપમાં જન્મ્યો છે. આ કથાસ્વરૂપોમાં પણ નવલકથા સ્વરૂપમાં તે વધુ પ્રાપ્ત થાય છે. અહીં અભ્યાસમાં લીધેલી કૃતિઓ પરથી આદિવાસી સાહિત્ય પ્રવાહ કથનાત્મક સાહિત્યમાં કેવો ઊતરી આવ્યો છે તે જણાય છે.

### ♦ 2.1 'મેઘલી રાતે' (1955) - સુહાસી

'મેઘલી રાતે' નવલકથાની આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે મૂલવતાં પ્રદેશ પરિચયની વાત કરતાં સુરત જિલ્લો અને બારડોલી તાલુકાની આજુબાજુના ગામો જેવાં કે સીયાદલા, ઓરપાડ, જંગીપુરામાં વસતા હાળી આદિવાસી સમાજની વાત કરવામાં આવી છે. પોતે પોતાના ખેતરમાં માલિક હોવા છતાં નોકર, એક મજૂર બનીને કામ કરે છે! એની મહાવ્યથા કેવી હોઈ શકે? એ પ્રશ્ન સરકાર પણ સાંભળવા તૈયાર નથી. જાણીજોઈને દાબી દેવામાં આવે છે. સમાજમાં પુરણમલ જેવા ખડખડ વ્યક્તિ સાથે મજબૂરી ખાતર શૈલાનું લગ્ન કરવામાં આવે છે. જે કજોડું જ કહેવાય તથા મૈયત જેવો દુ:ખનો પ્રસંગ વણી લીધો છે. સામાજિક ગતિવિધિમાં પ્રણય પ્રકૃતિ પણ ઝીલવામાં આવી છે. મેળાવડામાં માનવ મહેરામણ ઉમટતું જોવા મળે છે.

હાળી સમાજના કુટુંબની સામાજિક આર્થિક ભયાવહતાને પણ સર્જકે આબેહૂબ મૂકી આપી છે. છીતુની મા માણકી કહે છે, મોરાર શેઠ પાસેથી પૈસા માંગીને 'ડીપોમાંથી' અનાજ લાવવા કહે છે. અનાજ માટે આ જન્મદાત્રીને ડોશી ફરમાવે છે. "ની આલે તો રડજે, પગે પડજે, ગમે તે કરજે પૈહા તો જોઈવાના જ ની તો ભૂખે મરહું." અંતે માણકી મજબૂરી વશ શારીરિક સુખનો ભોગ બને છે. આમ, ધાણિયામાઓ આદિવાસી સમાજનું શારીરિક, માનસિક શોષણ કરી પોતે વ્યાજખાઉં બની ગરીબ વર્ગને વધુ ગરીબ બનાવી તેમને પશુ અવસ્થામાં ધકેલી મૂકે છે. પ્રકૃતિના ખોળામાં ઉછરતા જમીનદારોના હાથે પિસાતા આ સમાજને જયંત જેવો માર્ક્સવાદી પણ ઉગારી શકતો નથી. આદિવાસી સમાજનાં આંતરિક પાસાંમાં ક્યાંક અપશબ્દોનું પણ રટણ થતું સ્વરૂપ જોવા મળે છે.

ભાષા સંદર્ભે આદિવાસી સમાજ સંસ્કૃતિને નિરખતાં હાળી આદિવાસી સમાજમાં 'કાળા અખ્ખર કોહાડે મારેલા' જેવા રૂઢિપ્રયોગો, 'ખાવાના કુશ્કાં અને વે'વાની ઈંટ' જેવી કહેવતો અને 'ચાઈલા', 'કે'વ 'કની 'લાખા',

'હમજ' તથા 'અમને થીયું કે હાથે રોટલા લાઈવા ની ઓહે કાલે તમારે તીયાં પોયરો આઈવો છની' આમ સર્જકે હાળી આદિવાસી સમાજમાં બોલાતી બોલી, ભાષાનો પ્રયોગ કરીને આદિવાસી સંસ્કૃતિને જીવંત બનાવી છે.

### ♦ 2.2 'કોતરની ધાર પર' (1981) - કાનજી પટેલ

આદિવાસી સમાજ અને સંસ્કૃતિને કેન્દ્રમાં રાખીને 'કોતરની ધાર પર' કાનજી પટેલ દ્વારા રચાયેલ લઘુનવલનું બારીકાઈથી અવલોકન કરતાં સમાજમાં ઘણા એવા પ્રશ્નો સમાજના હોય છે. પરંતુ એવા કોઈનાથી સહન પણ થતા નથી અને કોઈની આગળ કહેવાતા પણ નથી. એવા પ્રશ્નને એવી સમસ્યાને કથાકાર ખૂબ જ સૂઝબૂઝ, પૂરેપૂરી સમજ કેવળી યોગ્ય ઉદાહરણો વડે રજૂઆત કરવામાં આવી છે. યોગ્ય પાત્રોની ગોઠવણ કરી ખાસ કરીને કૂલી-ભાથી ખાતુ ગામલોકોના પાત્રો દ્વારા સરળ અને સહજ રીતે જ પ્રગટ કરવામાં આવી છે. આમ, સમગ્ર કથાવસ્તુ યોગ્ય પાત્રો વડે સુયોગ્ય વાતાવરણની રચના કરી. પર્યાવરણ સાથે સુસંગતતાભર્યા ઉદાહરણો દ્વારા અનૈતિક સંબંધોના (આડા સંબંધો) જે પ્રશ્નો છે તેનું પ્રત્યાયન કરવામાં આવ્યું છે જે આદિવાસી સમાજનું આંતરિક પાસું છે, ત્યારે એમાં બાહ્ય પાસાંમાં પણ લેખકે યોગ્ય રીતે એની ગૂંથણી કરી છે. આદિવાસી સમાજનાં ભિન્ન અંગોમાં એની સભ્યતા, સંસ્કૃતિ, આર્થિક ગતિવિધિ, ખેતીને પણ સમાજમાં વણાઈ ગયેલ જોવા મળે છે. સાથે લોકગીતો, મેળાવડા, પોશાક, વ્યસન અને ટેવો, રહેઠાણ, ખાણીપીણી, અંધશ્રદ્ધાને પણ સાંકળી લીધી છે. તળપદી બોલીમાં લખાયેલી લઘુનવલમાં રચનાકારે આદિવાસી બોલીમાં રૂઢિપ્રયોગો અને કહેવતોનો પણ પ્રવાહ વહાવ્યો છે જે અવિરતપણે વહ્યા કરે છે. આમ, આદિવાસી સમાજની વાચાને ઉજાગર કરવામાં આવી છે.

### ♦ 2.3 'અંધારું' (1990) - મણિલાલ હ. પટેલ

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'અંધારું' નવલકથાનો અભ્યાસ કરતાં આ નવલકથામાં પૂર્વોત્તર પંચમહાલની નાનાં-નાનાં જૂથોમાં વસતિ નાયકા આદિવાસી સમાજની વાત કરવામાં આવી છે. જે મજૂરી અર્થે મહિસાગરને કિનારે મોટા પાલ્લા ગામ નજીક છાંપરાં બાંધીને વસવાટ કરે છે. પટેલ અને દરબારનાં ઘર અને ખેતરોમાં કામ કરવું એ એની આજીવિકા છે. આદિવાસી સમાજનું આંતરિક અને બાહ્ય પાસાંમાં અન્ય સમાજ સાથેનો વ્યવહાર, પહેરવેશ, મેળાવડા વગેરે જ્યારે આંતરિક સ્વરૂપમાં ટેવો, વ્યસન વગેરે, અન્ય સમાજ સાથેના વ્યવહારમાં ખાસ કરીને પાટીદાર અને દરબાર, કણબી વગેરે સમાજ સાથેના વ્યવહારમાં એમનાં ઘર-ખેતરોમાં કામ કરવું પોતાના ખેતરો તો બહુ થોડાં બચેલ છે. બાકી તો ગિરવે મૂકેલ અથવા વેચી દીધેલ છે અને પટેલ લોકોની ખેતીમાં કામ કરે છે.

નાયકા આદિવાસી સમાજની આર્થિક પરિસ્થિતિ અત્યંત દયાજનક છે. કારણ કે, પટેલ લોકોનાં ઘરો-ખેતરોમાં કામ કરવું, બળદને પાણી પીવડાવવું, ઘાસચારો આપવો, ખેતરોમાં જ્યારથી બીજ વાવવું શરૂ થાય છે ત્યારથી પાક ઘરમાં લાવે ત્યાં સુધીનું બધું જ કામ કરવું, પાકનું રક્ષણ કરવું આ રીતે બારેમાસ ખેતીમાં કામ ચાલે છે. સાથે-સાથે ઘરમાં વાસણ, કચરા-પોતું વગેરે પણ એમની બહેન, દીકરીઓ કરતી. આટલી બધી મહેનત-મજૂરી-ગદ્ધાંવૈતરું કરવા છતાં વરસે-દાડે શેરબશેર દાણા અને વરસમાં ફાટેલાં-તૂટેલાં જાળાંવાળાં એકાદ જોડી કપડાં આપવામાં આવતાં અને કેટકેટલાં હવાતિયા પછી મળતાં. સાંસ્કૃતિક ગતિવિધિમાં લોકગીતો,

મેળાવડા, રીતરિવાજો, પોશાક, રહેઠાણ, ખાણીપીણી જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિમાં રૂઢિપ્રયોગોનો, કહેવતોનો પણ બહોળા પ્રમાણમાં ઉપયોગ થયો છે. કૃતિમાં બોલી પણ નાયકા આદિવાસી સમાજ જે પ્રમાણે બોલે છે તે પ્રમાણે ઉચ્ચાર, લહેકા, સાથેનો પ્રયોગ જોવા મળે છે. આમ, આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે કૃતિનાં વિવિધ તથ્યો તારવવામાં આવ્યાં છે.

### ♦ 2.4 'વગડો' (1997) - ઉશનશ

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'વગડો' કૃતિનું અવલોકન કરતાં લલિતા નામની આદિવાસી છોકરી છે, જે જંગલ અધિકારી જાડેજા સાહેબના ઘરે કામ કરે છે. લલિતાનું કુટુંબ વેર-વિખેર થઈ ગયું છે. એનો બાપ ખ્રિસ્તી થઈ ગયો છે, એનો ભાઈ મમ્મી સાથે લડીને (ઝઘડો) કરીને અલગ થઈ ગયો છે. મમ્મી બિચારી એકલી છે અને લલિતાના પગારથી મમ્મીનું ગુજરાન ચાલે છે. લલિતાના લગ્નની વાત થતાં તેનો બાપ વિલિયમ વસાવાને લઈને આવે છે. વિલિયમ વસાવા જબરજસ્તીથી પોતાની બૈરી બનાવવા લલિતાને ખેંચીને લઈ જવા માંગે છે. પરંતુ તેનો ભાઈ અને મગન ચૌધરી તેને બચાવી લે છે. લલિતા મગન ચૌધરી સાથે લગ્ન કરવાની ઇચ્છા ધરાવે છે. પરંતુ તે ડરપોક છે અને લગન કરવા આવતો નથી. આમ, જાડેજા સાહેબના ઘરે રહેતા લલિતા કથાનાયક પ્રકાશ મહેતાને પોતાના પિતા માને છે અને પ્રકાશ મહેતા પણ લલિતાને પોતાની દિકરી માને છે, પરંતુ તે પ્રેમના ભાવાવેશમાં આવીને પ્રકાશ મહેતાને વળગી પડે છે અને પોતાનું શરીર સુખ ધરી દે છે. અંતે વિલિયમ વસાવાની ગુંડા ટોળકી એના ઉપર બળાત્કાર કરી એની હત્યા કરી ફેંકી દે છે. પ્રકાશ મહેતા પણ પોતાને એમાં અંતરથી લલિતાની હત્યાની બાબતમાં દોષિત માને છે.

આદિવાસી સમાજ હોળીના તહેવારમાં મટન અને દારૂ-તાડી પીએ છે. પછી ઔરત અને મરદ બધાં સાથે કૂદે છે. આદિવાસી સમાજનું આંતરિક અને બાહ્ય પાસું પ્રગટ થાય છે. સાથે સામાજિક અને આર્થિક પ્રશ્નોની પણ છણાવટ કરવામાં આવી છે. વરસાદી ખેતી, એમના રહેઠાણ તથા પોશાક, વસ્ત્રો વિશે પણ વાત કરવામાં આવી છે. આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર તથા સમાજની પોતાની અસલ બોલી ભાષામાં પોતાનો વ્યવહાર પ્રકટ થાય છે તે પણ કથાકારે આબેહૂબ ચિત્રણ કર્યું છે.

### ♦ 2.5 'મંડોળ' (2007) - સુરમલ વહોનિયા

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'મંડોળ' નવલકથાનો અભ્યાસ કરતાં પ્રદેશ પરિચયની વાત કરીએ તો ગુજરાત રાજ્યના પૂર્વ સિમાડેના દાહોદ જિલ્લાનો વિસ્તાર જે રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજ્યની સરહદને સ્પર્શે છે. આ સંગમ પ્રદેશમાં પથરાયેલી ને ઊંડાણના વિસ્તારમાં વિસ્તરેલી આદિવાસી ભીલ સમાજની સંસ્કૃતિની વાત કરવામાં આવી છે. ભીલ આદિવાસી સમાજની આંતર-બાહ્ય છબીઓને ઉપસાવવામાં આવી છે. અલ્પ-શિક્ષણના કારણે પ્રગતિનો સ્પર્શ ન પામેલી પ્રજા અંધશ્રદ્ધાનો સહારો લે ત્યારે પ્રજાને કેટલીક યાતનાઓ સહન કરવી પડે જેના કારણે જીવનમાં અંધાધુંધી સર્જાય છે. એ કથાનું મુખ્ય કથાવસ્તુ છે. ભીલ સમાજમાં ખેતી અને જમીન વિષયક બાબતમાં ઘઉં, ચણા, મકાઈ વગેરે પાકો કરે છે. સામાજિક ગતિવિધિની ઝાંખી કરતાં બાળકનો જન્મ અને લગ્ન જેવા પ્રસંગો ખૂબ જ ઉમંગથી ઉજવે છે. તથા સમાજમાં ક્યારેક બિમાર વ્યક્તિની પણ વેરઝેર ભૂલીને ખબર-અંતર જોવા જતાં જે આદિવાસી સમાજની પ્રસંશનીય બાબત છે. આર્થિક

પરિસ્થિતિની સમાલોચના કરતાં લોકો ગામ છોડીને દૂરના શહેરમાં મજૂરી માટે જાય છે. ભીલ સમાજમાં કાજળી ભરવાનો રિવાજ જે અંધશ્રદ્ધાનું પ્રતીક બને છે. તેઓના પોશાક પહેરણમાં વિવિધતા જોવા મળે છે.

રોટલો-શાક તથા ક્યારેક મરઘાનું મટન અને મહુડાનો દારૂ પણ પીતા હોય છે. આમ, આદિવાસી સમાજ ખાણી-પીણીનો શોખીન પણ હોય છે. વ્યસન અને અન્ય ટેવોનો સહારો લે છે. છાપરાં ઉપર માટીના નળિયા અને ક્યાંક ઈંટોની દિવાલ અને સુંદર મજાનું માટીનું લીંપણ જે આદિવાસી સમાજની રહેઠાણની નવી ભાત પાડે છે.

ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિને નિહાળતાં 'વાળ પુણ વાંકો ન થયો' જેવા રૂઢિપ્રયોગો. 'બારે મેઘ અને તેરે વિજળાઈ' જેવી ભીલ આદિવાસી સમાજમાં કહેવાતી કહેવતો અને 'બદાં ન કાં ગમાંડવેની' જેવી ભીલી બોલી છે. તેઓ જે ઉચ્ચારમાં આરોહ-અવરોહ કરે તેમજ લહેકે બોલે છે. તે જાળવી કથાકારે ભીલ આદિવાસી સમાજની સંસ્કૃતિને 'મંડોળ'માં ચિત્રાંકન કર્યું છે.

### ♦ 2.6 'અરવલ્લી' (2007) - કિશોરસિંહ સોલંકી

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'અરવલ્લી' નવલકથાનો અભ્યાસ. 'અરવલ્લી'માં વસ્તુનો તંતુ ભુ પાતળો રહ્યો છે. નાયક બનાસકાંઠા જિલ્લાના જંગલની જાસોરની રેન્જના વન અધિકારી તરીકે નિમાય છે. તે જંગલવાસીઓ ઉપરાંત વનસ્પતિ અને વન્યસૃષ્ટિનો પરિચય કેળવે છે. ધીરુબહેન પટેલ એને નવી ભાત પાડતી કથા કહીને પ્રમાણે છે. ઘાંટા, સોનવાડી, અરણીવાડા, અવાળા, ખારા, વાવધરા, દાંતા, બાલુન્દ્રા, વેરા, ઈસવાણી વગેરે ગામો અરવલ્લીમાં એકમેકમાં ગૂંથાયેલાં છે. આદિવાસી સમાજ એટલે એમનું ભોળપણ, કુદરત સાથેનો નાતો, વિટંબણાઓ અને સંઘર્ષ કરવો એ આદિવાસી સમાજની ખાસિયત છે. અરવલ્લી આદિવાસી સમાજની વાસ્તવિકતા પણ દૂર ન રહેતાં નજીક રહીને અવલોકન કરતાં શરીર ઉપર વસ્ત્ર નથી હોતાં, ડામર સમાન એમનો દેહ રક્ષણ અને શિકાર અર્થે હાથમાં કામઠું રાખતાં હોય છે. કોઈને વાગ્યું હોય, બેઠો માર હોય કે હાડકું તૂટ્યું હોય, શરીર દુ:ખતું હોય કે સુવાવડી સ્ત્રી હોય, મહુડાનો ચોખ્ખો દારૂ ઘસવામાં આવે જેથી ગમે તેવી કળતર કે દુ:ખાવો બે-ત્રણ દિવસમાં મટી જાય.

અરવલ્લી આદિવાસી સમાજમાં ખાસ કરીને ડુંગરી ભીલો ગરાસિયા ભીલો, ઢોલી અને ભીલાલા જ્ઞાતિનો સમાજ વસવાટ કરે છે. અરવલ્લી આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપમાં લગ્ન પહેલાં યુવક-યુવતિ (ગોઠિયો-ગોઠણ) જાતિય સંબંધ બાંધી શકે છે. પ્રેમ કરી શકે છે. પરંતુ લગ્ન પછી જો ક્યાંય ભૂલથી આવા સંબંધો સ્થપાવા જોઈએ નહીં. નહિ તો ગોઠીયાનું જ ખૂન કરવામાં આવે છે. આદિવાસી સમાજમાં જેટલાં બાળકો વધારે એટલાં વધારે કામમાં આવે. એક ટેટિયાં વેણવા જાય, બીજું પાણી ભરી લાવે, ત્રીજું ચૂલો હળગાવે. આમ, અરવલ્લી આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ બહુ વિકરાળ છે. વેર લેવાની ભાવના મારક હથિયારોનો ઉપયોગ કરીને માનવદેહનો સંહાર કરવો, લગ્ન પહેલાં જ જાતીય સંબંધ બાંધવો, વધારે બાળકો હોવા જોઈએની ભાવના એમાં આદિવાસી સમાજનું આંતરિક સ્વરૂપ પ્રકટે છે. ઢોર પ્રકૃતિનો માણસ પ્રભુ કથાનાયકને રોટલો વહેંચીને આપ્યો અને એમના માટે પ્રભુ બની જાય છે. આમ, આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનાં એમનાં મધુર સંબંધો જોવા મળે છે.

અરવલ્લી આદિવાસી સમાજ ખેતીમાં પુષ્કળ મહેનત કરીને દિન-રાત એક કરીને ટાઢ, તડકો વેઠીને ખેતરમાં ઘઉં, જુવાર, બાજરી, મકાઈ, મગ, મઠ, અડદ, તુવેર જેવા કઠોળ અને ધાન્ય પાકોનું ઉત્પાદન કરે છે. સાથે રાયડો, એરંડા, વરિયાળી, રાજગરો, રજકો, શાકભાજી અને બટાકાનું વાવેતર કરે છે. આમ, ધાન્યપાકો, રોકડીયા પાકો, તેલીબિયાં, શાકભાજી વગેરેનું ઉત્પાદન કરે છે. ખેતરને શેઢે આંબો, લીમડીઓ કણજી જેવા ઝાડો પણ રોપવામાં આવે છે.

અરવલ્લી આદિવાસી સમાજમાં લગ્નવિધિ કેવી રીતે થાય છે, તે નવાઈ પમાડે તેવું છે. વરરાજાનું સામૈયું કરવા 'જાનૈયો ઢોલ' વગાડી જાનને હારખિસરિયાનું આમંત્રણ સ્ત્રીઓ સામ સામે ગાણામાં ગાળોનો ત્રમઝટ વરસાદ વરસાવતી હોય છે તથા વરરાજાને ખુશ રાખવા બાવા-બાવીનો વેશ, એમની ન કલ્પી શકીએ એવી કામુક ચેષ્ઠાઓ અને વરરાજાને તોરણે લાવીને શ્રીફળ વધેરીને વાજતે-ગાજતે ચોરીએ લાવવામાં આવે છે અને સાથે દીકરીને લગ્ન વખતે દહેજમાં વૃક્ષો અપાતાં કે જેમનાં જીવનમાં પર્યાવરણ પણ મહત્વનું અંગ બની રહે છે. એમની મરણની વિધિમાં શબની સિંદુરથી પૂળ કરી અને એની છાતી પર શ્રીફળ મૂકી ચારેબાજુ મીઠું ભભરાવવામાં આવ્યું. પછી રગતિયો નારસંગો દૃતિયા વીરની, સ્મશાનિયા જોટંગા ખીલરીયા કે પીપળીયા રખાની 'જે બોલાવી નટા ગુજરાના શબને માટીમાં કાયમ માટે દાટી દીધું. મરણવિધિ લગ્ન વિધિમાં સામાજિક ગતિવિધિની વાત કરી, હવે આપણે અરવલ્લી આદિવાસી સમાજની આર્થિક પરિસ્થિતિની ઝાંખી કરીએ સમાજ ભલે રૂપ રંગમાં નોખા પરંતુ મહેનત મજૂરી કરવામાં ક્યાંય કચાશ નહિ. ક્યારેક સરકાર દ્વારા રાહત કામો, ક્યારેક એ પોતાના માટે જ કમાવું, પોતાના માટે જ કામ એ ભાવ ભૂલીને બીજાના માટે પણ કામ કરવામાં કોઈ આળસ, કંકાસ નહિ, શરીરને ઢાંકવા માટે પૂરતાં વસ્ત્રો નથી. પરંતુ કામ કરવામાં મહેનત, મજૂરી કરવામાં ખુશીથી કામ કરે છે.

તહેવારોમાં શી વિશેષતા છે એ જોઈએ. ભાદરવી અમાસે ઝવેરા વાવીને માતાનું પૂજન કરે છે. માતાની આગળ બકરાનો ભોગ ધરાવીને થાનકના માટીના ઘોડાઓને બકરાના લોહીના ચાંલ્લા કરીને માતાનું પૂજન કરીને નોરતાની ઉજવણી કરવામાં આવે છે. અરવલ્લી આદિવાસી સમાજનો એક રિવાજ છે જેમાં સુંદર ભાવના છૂપાયેલી છે કે નવો પાક થાય તો પહેલાં ભગવાનને ચરણે અર્પણ કરીને પછી જ પોતે આરોગવું, તે એક ઉચ્ચ આદર્શ, વિચાર, મૂલ્ય ધરબાયેલું જોવા મળે છે. ક્યારેક ખેતરની રખેવાળી કરવા, અર્ધજાગૃત અવસ્થામાં ઊંઘવા, સમય પસાર કરવા માટે તમાકુ, બીડી, ચલમનું સેવન પણ થતું જોવા મળે છે. ઝૂંપડી, ધૂવો, ખોલરું, મકાન વગેરે એમની રહેઠાણની વિશેષતા છે. રહેઠાણ ભલે નાનું મોટું ઝૂંપડું હોય પરંતુ મુખ્ય બાબત એ છે કે એમનું હૃદય બહુ વિશાળ છે. આવકારની ભાવના આવેલ વ્યક્તિનું માન-સન્માન પોતે ભૂખ્યાં રહીને પણ પોતાના આંગણામાં આવેલ વ્યક્તિ ભૂખ્યાં ન રહેવા જોઈએ. એ એમની પ્રેમ ભાવના ખોરાકમાં બાજરી, જુવાર, મકાઈ અને ઘઉંનો રોટલો સાથે પૂવારની ભાજી અડદની દાળ તથા છાશ કે ઘેટાં બકરાંનું દૂધ તથા લાલ મરચાની ચટણી અને ઘી લગાવીને વહેંચીને ખાવું એવી એમની સભ્યતા અને સંસ્કૃતિ.

અરવલ્લી આદિવાસી સમાજમાં ભૂતભૂવા, ડાકણ, ચૂડેલ, ભોપો વગેરે દ્વારા અંધશ્રદ્ધાનું સામ્રાજ્ય ફેલાયેલું જોવા મળે છે. 'આભની અને ગાભની જલદી ખબર ના પડવી' જેવા રૂઢિપ્રયોગો અને મઝામાં માય ત

સો નિ? (મજામાં છો ને?) એમની બોલી તથા કાળા અક્સર ભૈંત બરાબર જેવી કહેવતોનો પણ ઉપયોગ થયેલો જોવા મળે છે. આમ, 'અરવલ્લી' નવલકથા આદિવાસી સમાજ અને સંસ્કૃતિનું બહુમાન કરાવે છે.

### ♦ 2.7 'દાપું' (2010) - સુરમલ વહોનિયા

'દાપું' એટલે દહેજ. એના સ્વરૂપ જુદાં છે, લાંચ-રૂશ્વત કે ભ્રષ્ટાચાર દહેજનો જ એક પ્રકાર છે. 'દાપું' સામાજિક કથા છે. જગતના માનવ સમાજોને કેટલેક અંશે સ્પર્શે છે. સરકારી કાયદા પ્રમાણે દહેજ લેવું ને આપવું ગુનો છે, છતાં લોકો લે છે અને આપે પણ છે. મનુષ્યને સામાજિક બંધને બાંધી રાખી માનવીએ ઊભી કરેલી સામાજિક વ્યવસ્થા અથવા અર્થવ્યવસ્થા છે. સમાજમાં રહેતા માનવોને એની જરૂરિયાત લાગી હશે. દહેજ કુદરતી પ્રણાલિકા અનુસાર નથી માટે એ ન્યાયને અનુરૂપ નથી.

'દાપું' લઘુનવલકથામાં દાહોદ જિલ્લાના ભીલ આદિવાસી સમાજની સામાજિક પરંપરાનો કથા વિષય બનાવી પ્રજાજીવનની આંતર-બાહ્ય છબિ ઉપસાવવાનો લેખકે નમ્ર પ્રયાસ કર્યો છે. આ વિસ્તારના ભીલ આદિવાસીઓમાં કન્યાના વારસદારોને દહેજ લેવાનો સામાજિક અધિકાર છે. કથાનાયિકા ધુળીએ બીજી વખત લગ્ન કર્યા. પ્રથમ પતિ દહેજ ચૂકવવાની વ્યવસ્થા ન થતાં ધાડ પાડવા ગયો ને મરાયો. બીજો પતિ દહેજ ચૂકવે તેમ નથી, છતાં ધુળીએ એની સાથે લગ્ન કર્યા ને સામાજિક પરંપરામાં સપડાયાં. કથાનાયિકાને ધુળો ગમ્યો, એનું કારણ પ્રેમ નહીં. પહેલી નજરનો પ્રેમ કંઈ હોઈ જ ના શકે, એની જગ્યાએ ધુળામાં કોઈક આકર્ષણ છે. જે ધુળીના દીલને હલબલાવે છે. કસાયેલું શરીર, શરીરનો ઘાટ, એનું સૌંદર્ય, રીતભાતથી ધૂળી પ્રભાવિત થઈ છે. ધુળાને ભોગવવા એની વૃત્તિ સમેત બની છે.

આદિવાસી સમાજમાં દહેજના કારણે મારામારી કે કાપાકાપી જેવી ઘટનાઓ ઘટે છે. 'દાપું' નવલકથાની નાયિકાએ સમાજનો નહિ, પણ દાપુંનો વિરોધ કર્યો છે. પોતાનો આદર અને સ્વાભિમાનની રક્ષા કરવાનું તે જાણે છે. સામા પૂરે માછલી કે સ્ત્રી ધગધગતા લાઆ સ્વરૂપે છે. દાપુંમાં માણસ માટે અને સમાજની વ્યવસ્થા જાળવવા નિયમો હોય છે. પરંતુ અહીંયા નિયમ માટે માણસ અને સમાજના કાયદાને બાપ માની લેવામાં આવે છે. જે સમાજ માટે કલંક બને છે. સમગ્ર કથાવસ્તુની રજૂઆત આદિવાસીની ભાષા પોતાના વિસ્તારમાં બોલાય તે ભીલી બોલીમાં જ થઈ છે. બોલીના ઉચ્ચારમાં આરોહ-અવરોહ તેમજ લહેકાઓ જાળવ્યા છે. રૂઢિપ્રયોગો અને કહેવતોનો પણ ઉપયોગ થયો છે.

આદિવાસી સમાજનું આંતરિક અને બાહ્ય છબિમાં લોકગીતો, ખાણીપીણી, વ્યસન અને ટેવો તથા અંધશ્રદ્ધાની પણ છાંટ જોવા મળે છે અને આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેનો વ્યવહાર સરળ અને સહજ રીતે ઓછાયો પાડે છે. આમ, તળાવના શાંત પાણીમાં પથ્થર નાંખતાં નવો આકાર બને છે.

## • પ્રકરણ : 3 ભારતીય આદિવાસી નવલકથા:

### ♦ 3.1 'આરણ્યક' (બંગાળી) (1961) - વિભૂતિભૂષણ બંદોપાધ્યાય

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'આરણ્યક' નવલકથા 'અરણ્ય' એટલે કે જંગલ અને 'આરણ્યક' એટલે જે જંગલમાં રહે છે. જંગલમાં રહેનાર એટલે કોણ? આદિમ સમાજ, આદિવાસી સમાજ જેનો જીવનનિર્વાહ જંગલ ઉપર નભે છે. અરણ્ય જેની મૂડી છે. અરણ્ય જેનો સુખ-દુ:ખનો સાથી તથા અરણ્ય એમના

આદિમ દેવતા છે. તે આદિવાસી સમાજની વાત કરવામાં આવે છે. 'આરણ્યક' નવલકથાનું કથાવસ્તુ કલકત્તા, છોટાનાગપુર, પટણા, બિહાર અને નેપાળના તરાઈ જંગલો સાથે જોડાયેલું છે. આદિવાસીજનો ભાવકની સહાનુભૂતિ જીતી લે છે. એ તો ખરું પણ એમની પાસેથી જીવનની વિવિધ રીતિઓ અને વેદનાની વેળામાં ટકી રહેવાનું બળ પણ ભાવકને મળે છે. અરણ્યોનાં વાસીઓમાં છળકપટ નથી. પડાવી-પચાવી લેવાની વૃત્તિ નથી. પેટ માટે ખાવા મળ્યું ને બે માનવાચક શબ્દો કે થોડો પ્રેમ મળ્યો તો બસ; એ લોકો રાજી રાજી થઈ જાય છે. વિધિની વક્રતાનો ભોગ બનવાનું પણ આ વ્યક્તિઓના ભાગ્યમાં લખાયેલું છે. એ બધી સ્થિતિઓ વેઠી લે છે, પણ પેટ સિવાય એમની બીજી કોઈ સમસ્યા નથી. એટલે અરણ્યોમાંથી જે મળે છે, એમાં એ રમમાણ રહે છે. આપણી નાગરિક સભ્યતાથી પણ એ તો દૂર છે. નિજમાં મસ્ત છે. આદિકાળના માણસની સરળતા અને પ્રામાણિકતા આ આદિજનોમાં છે. આમ, આદિવાસી સમાજનું ચિત્ર ઉપસી આવે છે.

આદિવાસી સમાજનું આંતરિક અને બાહ્ય સ્વરૂપ તથા અન્ય સમાજ સાથેનો એમનો નાતો કેવો ઘરોબો કેળવે છે. જંગલમાં જ એમની ખેતી, જંગલમાં જ એમના મેળા, મેળાવડા મનોરંજ અને જંગલ જ એમની આર્થિક પરિસ્થિતિ છે. આદિવાસી સમાજની સંસ્કૃતિ, બોલી, ભાષા વિશેષતા લાવનારી છે. આમ, આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'આરણ્યક' નવલકથાનું કથાતત્વ જીવંત પામેલ છે.

### ♦ 3.2 'અરણ્યનો અધિકાર' (1985) - મહાશ્વેતાદેવી

'અરણ્યનો અધિકાર' નવલકથામાં આદિવાસી સમાજ અને સંસ્કૃતિની તપાસ કરતાં મુંડા આદિવાસી સમાજ અરણ્યના અધિકાર માટે અંગ્રેજો સામે લડત ચલાવે છે. બીરસામુંડા અરણ્યનો અધિકાર ચાહતો હતો. કારણ કે દિકુઓએ અરણ્ય પર કબજો મેળવ્યો હતો. અનેક વર્ષો પહેલાં બીરસાના પરદાદાનાય પરદાદા આવ્યા હતા. ઘર બાંધવાને ઠેકાણું ખોળતાં ત્યારે ઝાડ, જંગલ, જમીન, પડતર પડ્યાં હતાં એ બે ભાઈઓએ ચુટિયા હરમ અને નાગુએ - ચુટિયા ગામ વસાવ્યું હતું. બે ભાઈઓના નામ પરથી વખત જતાં એ પ્રદેશનું નામ પડ્યું હતું છોટાનાગપુર. જેમાં પ્રદેશ પરિચય જોવા મળે છે.

ખાવા માટે મુંડાઓ પાસે ચોખા નહોતા, મીઠા વિનાનો ઘાટો ખાવો પડતો. મીઠું અને ચોખા મળે તો તેમના જીવનમાં સ્વર્ગ ઊતરે અને આ દિકુઓ તેમનું શોષણ કરતા જ રહેતા. તેમને તો વેઠ કરવાની હતી. ફાટલાં વસ્ત્રો જ પહેરવાં પડતાં, તેમનાં જ અરણ્યથી તેઓ વંચિત હતા. દુષ્કાળ પડતો ત્યારે ખ્રિસ્તી બનતાં. વળી મિશન છોડતાં ચાઈબાસાના મિશનનો સ્પર્શ બિરસાના જીવનને જુદો જ પંથ દેખાડે છે. ચાલકડ પાછા ફરેલા બીરસાના લોહીમાં બેઠું અરણ્ય વાત કરે છે. એની અરણ્યકા મા નગ્નદેહ યુવતી મુંડારી સ્ત્રી જાણે, આ કોણે તને નગ્ન કરી પૂછતો બીરસા કહે છે, તારી લાજ હું ઢાંકી દઈશ. મુંડાઓનો - આદિવાસીઓનો ભગવાન - નેતા

અલૌકિક સામર્થ્ય ધરાવતી વ્યક્તિ તે બને છે. લગ્ન સંસારમાં તેને રસ નથી. સામાજિક પરિસ્થિતિનો ખ્યાલ જોવા મળે છે.

ડાંગર, ઘઉં, બાજરો અને તુવર વગેરે પાકોની ખેતી કરતા જોવા મળે છે. એક બાજુ આદિવાસીઓ પોતાના હાથોમાં ધનુષબાણ લઈને માથે પીળો સાફો બાંધીને મરણિયા જંગ માટે નીકળી પડ્યા. તેઓ અંગ્રેજોની ગોળીનો જવાબ પોતાના તીરકામઠાથી આપવા લાગ્યા. ચારેબાજુ હાહાકાર મચી ગયો. આદિવાસીઓ

નારેબાજીનાં સૂત્રોમાં 'અબુઆ રાજ એટે જના, રાની રાજ ટૂડુ જના.' આવા ઈન્કલાબી સૂત્રો પોકારવા લાગ્યા. આમ, મુંડા આદિવાસી સમાજની ભાષા સંસ્કૃતિનો પરિચય જોવા મળે છે. અંતે શશીભૂષણરાય અને અન્ય છ મુંડાઓએ મળીને પાંચસો રૂપિયામાં બીરસાને પકડાવી દીધો અને તે જ જેલમાં તેનું મૃત્યુ બીરસાને સાંત્વન છે. આ પૃથ્વી પર કશું જ ખલાસ નથી થતું. સંગ્રામ પણ ખલાસ ન થાય. સમાપ્ત થઈ શકે નહીં. આમ, આદિવાસી સમાજનું આંતરિક અને બાહ્ય પાસું પણ પ્રગટ થતું જોવા મળે છે.

**♦ 3.3 'ઇયારુઇંગમ' (1996) - વિરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય**

આદિવાસી સમાજ અને સંસ્કૃતિ સંદર્ભે 'ઇયારુઇંગમ' નવલકથાનો અભ્યાસ કરતાં 'ઇયારુઇંગમ' એટલે કે 'પ્રજાનું રાજ'. નાગાલેંન્ડ ભારતનું રાજ્ય છે, જ્યાં ટાંખુલ નગા જનજાતિના લોકો રહે છે જે કુદરતના ખોળામાં વસવાટ કરે છે. જ્યાં જંગલ અને જંગલમાં ખેતરો તથા સરસ મજાની નદીઓ વહે છે. લોકો ખુશનુમા છે, ત્યાં મિશનરીઓ આવીને જીવન સુધારવા તથા ધર્મનો ફેલાવો કરે છે. ગામમાં દેવળ બનાવવાની બાબતમાં ભયંકર ઝઘડો થાય છે અને એને લીધે ગામમાં વેર બંધાય જાય છે.

નગા આદિવાસી સમાજનો નવયુવક કથાનાયક રીશાંગ જે ડૉ. બ્રુકનો શિષ્ય છે અને ઈસાઈ ધર્મમાં માને છે. તેમજ આદિમતાભર્યું જીવન છોડીને કલકત્તા શહેરમાં ભણવા જાય છે. એના વિચારોમાં ગામની અને સમાજની હમેશાં પ્રગતિ ઇચ્છે છે. ગામમાં નિશાળ, હોસ્પિટલો અને સારા રસ્તાઓ બનાવવા માંગે છે અને તેથી જ પ્રથમ શિક્ષણ પ્રાપ્ત કરીએ તો જ બધું શક્ય બને એમ એ વિચારે છે. ખાટીંગ અને ફાનિટફાંગ પણ 'વી' ફોર્સમાં જોડાય છે અને એમનું જીવન સુધારવા માગે છે.

રીશાંગ નવયુવાન હોવાથી નવયુવતિ ખુટિંગ્લાને ખૂબ જ પ્રેમ કરે છે અને ખુટિંગ્લાને લગ્ન કરવાનું વચન પણ આપી દે છે. શારેંગ્લા જે 'ગામનું ગુલાબ' કહેવાતી સુંદર નગા યુવતિ છે, પરંતુ યુદ્ધકાળ દરમિયાન જાપાની સૈનિક ઈશેવરાના હાથે ભોગવાય જાય છે. સમાજથી વિમુખ બનીને વિદેશી સૈનિક સાથે લગ્ન કરી બેસે છે. તેથી સમાજ પણ તેનાથી નારાજ થઈ જાય છે.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પહેલાં જાપાની સૈનિકો ગામમાં અડ્ડો જમાવે છે. પછી અંગ્રેજ સૈનિકો ગામમાં વસવાટ કરતા હોવાથી ઉખ્રુલ ગામ અને ગ્રામ્ય જીવનને અસ્તવ્યસ્ત કરી નાખે છે. ગામમાં બૉમ્બવર્ષા થવાના કારણે ગામ નષ્ટ થઈ ચૂક્યું છે. ખેતરો પણ છિન્ન-ભિન્ન અને ખાડા-ટેકરાવાળા બની ગયાં છે. ગામમાં યુવતિઓ અને જીવન પણ સલામત નથી. ગામમાં ગમે ત્યારે સૈનિકો આવીને ઊભો પાક પણ રહેવા દેતા નથી. વાઢીને લઈ જાય છે. લોકો યુદ્ધથી ભયભિત થઈને એક જ જગ્યાએ રહે છે. જ્યાં એમને પૂરતું અનાજ ન હોવાથી જમવાનું પણ મળતું નથી અને રહેવા માટે સરખાં ઘરો પણ નથી. આવી દશા આદિવાસી સમાજની દર્શાવવામાં આવી છે.

એક બાજુ લોકો યુદ્ધથી પાયમાલ બની ગયેલ હોવાથી સ્વતંત્રતા ઇચ્છે છે. યુદ્ધથી બધુ નાશ પામ્યું છે. તેઓ સરકાર પાસે માંગણી કરે છે. પરંતુ માંગણી સંતોષાતી નથી ત્યારે તે વિડેશ્યેલી જે સ્વતંત્રતા માટે લડાઈ કરવાનો માર્ગ સ્વીકારે છે. લોકોને યુદ્ધ લડાઈ પસંદ નથી, છતાં મજબૂરી ખાતર તેઓ વિડેશ્યેલીને સાથ આપવા તૈયાર થઈ જાય છે. જ્યારે આવું બધુ બને છે, ત્યારે લોકો રિશાંગ જેવા લીડરને શોધે છે અને રીશાંગને કંઈક કરવા જણાવે છે. આથી જ રિશાંગ, જીવન માસ્તર આબેઈ ફૂતરા સાથે વિડેશ્યેલીની છાવણી

સુધી પહોંચી જાય છે. જ્યાં રિશાંગને વિડેશ્ચેલીનો જુદા જ પ્રકારનો અનુભવ થાય છે. રિશાંગ નગા નહિ પરંતુ મનુષ્ય બનવા માટે પ્રાર્થના કરે છે. જ્યારે વિડેશ્ચેલી નગા આદિવાસી સમાજને વિશિષ્ટ કોટિની માને છે.

નાજેક ડોસાનું પાત્ર નગા આદિવાસી સમાજમાં ખૂબ જ પ્રભાવશાળી પાત્ર માનવામાં આવે છે. નગા બનવામાં આદિમતા જીવનમાં જ શૂરવીરતા અને સુખ માને છે. તે બિમાર થાય છે ત્યારે પણ તે ડૉક્ટરની દવા લેવા માંગતા નથી. ભૂવાની દવા-દારૂમાં માને છે. જે અંધશ્રદ્ધા અને વહેમનો ઓછાયો જોવા મળે છે. આમ, નગા આદિવાસી સમાજ યુદ્ધના કારણે છિન્નભિન્ન, વેર-વિખેર, રહેવા માટે ઘરો પણ નથી, ખાવા માટે પૂરતું અનાજ નથી, ખેતરો પણ ખાડા-ટેકરાવાળા બની ગયા છે. બહેનો-દીકરીઓ સૈનિકોથી સલામત નથી. પહેરવા માટે પૂરતાં કપડાં નથી. આર્થિક પરિસ્થિતિ ખૂબ જ દયનિય બની ગઈ છે. આમ, નગા આદિવાસી સમાજ ઘણા બધા પ્રશ્નોથી ઘેરાય ગયો છે. ખુમારીભર્યું જીવન પણ અલોપ થતું જોવા મળે છે.

# • પ્રકરણ : 4 સંદર્ભિત નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ:

### ♦ 4.1 તુલનાત્મક અભ્યાસ:

ગુજરાતી અને અન્ય ભારતીય ભાષાઓની પસંદ કરેલી નવલકથાઓમાં આદિવાસી સમાજ અને તેમની સંસ્કૃતિને ઉજાગર અને તુલના કરતાં જાણવા મળે છે કે આદિવાસી સમાજનું રહેઠાણ એટલે કુદરતના ખોળામાં જ્યાં જંગલ છે ત્યાં જંગલથી નજીક તેમનાં હર્યાભર્યા ખેતરો જ્યાં જુદા-જુદા પાકો લેવામાં આવે છે. જુદા ભૂભાગમાં જમીન માફક અનુસાર પાકો લેવામાં આવે છે અને ત્યાં જ તેમની સંસ્કૃતિ પણ છવાઈ રહેલી જોવા મળે છે. જેમાં તેમનો પહેરવેશ, તેઓ સામાન્ય દિવસોમાં તેમનું પહેરણ અલગ જ્યારે ઉત્સવો - તહેવારો કે મેળાવડા વખતે પાઘડી-ધોતી, ખમીસ અને સાથે બહેનો પણ નવા ઘેરવાળા ઘાઘરા, ઓઢણી અને સાથે અલંકાર (ઘરેણાં)થી દીપી ઊઠે છે. જે આદિવાસી સંસ્કૃતિને હર્ષઘેલી અને રોમેરોમમાં પ્રગટી રહે છે.

આદિવાસી સમાજની આર્થિક પરિસ્થિતિ મોટેભાગે બહુ સારી નથી. સામાજિક ગતિવિધિમાં દરેક આદિમ સમાજમાં લગ્નના, મરણના રીતરિવાજોમાં ભિન્નતા જોવા મળે છે. આવકારવાની રીત નિરાલી, સમાજમાં બનતા પ્રસંગોમાં પંચની ભૂમિકા મહત્વની બની રહે છે. તેમની ખાણીપીણીની વાત કરીએ તો કોઈક દિવસે જંગલમાં મળતા કાંદા ખાઈને ગુજારો કરવો પડે છે. કોઈક દિવસે મરઘા-કૂકડાનું શાક પણ રંધાતું. દારૂ-તાડી પીને આખી રાત પુરુષો-સ્ત્રીઓ બાળકો સાથે મળીને નાચવા-કૂદવાનું ચાલ્યા કરતું હોય છે. આદિમ સમાજના અન્ય સમાજ સાથેના સંબંધો પણ પ્રેમભર્યા જોવા મળે છે. આદિવાસી સમાજના આંતરિક અને બાહ્ય બંને પાસા જોવા મળે છે. આંતરિક પાસામાં ક્યારેક ઝનુની બની જતાં, ગાળાગાળી કરતાં, ક્યારેક એકબીજાને કાપી નાખવામાં પણ અચકાતા નથી. બધા જ આદિમ સમાજમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ વત્તા-ઓછાં પ્રમાણમાં વ્યાપેલું જોવા મળે છે, સાથે વ્યસનો પણ ટેવગત લક્ષણો બની રહે છે.

ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિને મૂલવતાં બધા જ આદિમ સમાજો તેમની પોતાની બોલી-ભાષામાં, રૂઢિપ્રયોગો,. કહેવતો અને સંવાદો રચાતા જોવા મળે છે. આમ, આદિવાસી સમાજ અને સંસ્કૃતિની તુલના કરતાં વિશેષતા અને નવીનતા જોવા મળે છે.

## 3. Conclusions

ગુજરાતી અને ભારતની અન્ય ભારતીય ભાષાઓની પસંદ કરેલી નવલકથાઓમાં આદિવાસી સમાજ અને સંસ્કૃતિનો પરિચય કેળવતાં રસમગ્ન બની જવાયું. આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેના સંબંધો સુમેળભર્યા જોવા મળે છે. પરંતુ અન્ય સમાજ થકી આદિવાસી સમાજનું શોષણ થતું જોવા મળે છે. તેમના ખેતરોમાં અલગ-અલગ પાકો લેવામાં આવે છે. ક્યાંકને ક્યાંક પોતાના ખેતરમાં પોતે નોકર બનીને મજૂરી કર્યા કરે છે. જે ખૂબ જ પીડાદાયક પરિસ્થિતિ છે. આર્થિક ઉપાર્જનનું પાસું નબળું જોવા મળે છે. આદિવાસી સંસ્કૃતિમાં લોકગીતો-ઉત્સવો, મેળાવડાઓ થકી જ તેમનું જીવન મસ્ત બનીને મેળાઓના રંગમાં રંગાય જાય છે. તેમનો પોશાક જુદી ભાત પાડે છે. કુદરતના અંગોમાં અને કુદરતી તત્વો વડે ખડ-ઘાસથી બનાવેલી તેમની ઝૂંપડી અને માટીનું લીંપણ એ તેમનું રહેઠાણ. ખાણીપીણીના પણ શોખીન છે. ક્યાંકને ક્યાંક અંધશ્રદ્ધા પણ છૂપાયેલી જોવા મળે છે.

ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિને જોતાં રૂઢિપ્રયોગો અને કહેવતો, બોલી-સંવાદોથી પણ સંસ્કૃતિ રંગાયેલી જોવા મળે છે જે નિત નવાં રૂપ ધારણ કરે છે.

પ્રસ્તુત પ્રકરણ અંતર્ગત મારા સંશોધન કાર્યના નિષ્કર્ષો અને તારણો નીચે મુજબ રજૂ કરવામાં આવ્યા છે:

1) આદિવાસી સમાજમાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ હોવાથી તેમની સભ્યતા અને સંસ્કૃતિ બહાર આવી શકતી નથી. માટે આવા અભ્યાસો જરૂરી છે.
2) આદિવાસી સમાજ - સંસ્કૃતિમાં સંશોધનો કરી અંધશ્રદ્ધાને તિલાંજલી આપી શકાય.
3) આદિવાસી સમાજ અને તેની સંસ્કૃતિમાં પડેલાં મૂલ્યો વિકસાવી શકાય.
4) આદિવાસી સમાજ અને સંસ્કૃતિને ખિલવવામાં આદિવાસી વિવેચકો કરતાં અન્ય સમાજના વિવેચકો વધારે પ્રમાણમાં જોવા મળે છે.

ગુજરાતી અને ભારતની અન્ય ભારતીય ભાષાઓની પસંદ કરેલી નવલકથાઓમાં આદિવાસી સમાજ અને સંસ્કૃતિનો પરિચય કેળવતાં રસમગ્ન બની જવાયું. આદિવાસી સમાજનો અન્ય સમાજ સાથેના સંબંધો સુમેળભર્યા જોવા મળે છે. પરંતુ અન્ય સમાજ થકી આદિવાસી સમાજનું શોષણ થતું જોવા મળે છે. તેમના ખેતરોમાં અલગ-અલગ પાકો લેવામાં આવે છે. ક્યાંકને ક્યાંક પોતાના ખેતરમાં પોતે નોકર બનીને મજૂરી કર્યા કરે છે. જે ખૂબ જ પીડાદાયક પરિસ્થિતિ છે. આર્થિક ઉપાર્જનનું પાસું નબળું જોવા મળે છે. આદિવાસી સંસ્કૃતિમાં લોકગીતો-ઉત્સવો, મેળાવડાઓ થકી જ તેમનું જીવન મસ્ત બનીને મેળાઓના રંગમાં રંગાય જાય છે. તેમનો પોશાક જુદી ભાત પાડે છે. કુદરતના અંગોમાં અને કુદરતી તત્વો વડે ખડ-ઘાસથી બનાવેલી તેમની ઝૂંપડી અને માટીનું લીંપણ એ તેમનું રહેઠાણ. ખાણીપીણીના પણ શોખીન છે. ક્યાંકને ક્યાંક અંધશ્રદ્ધા પણ છૂપાયેલી જોવા મળે છે.

ભાષા સંદર્ભે આદિવાસી સંસ્કૃતિને જોતાં રૂઢિપ્રયોગો અને કહેવતો, બોલી-સંવાદોથી પણ સંસ્કૃતિ રંગાયેલી જોવા મળે છે જે નિત નવાં રૂપ ધારણ કરે છે.

## 4. Bibliography

# પરિશિષ્ટ ૧ :

## સંદર્ભગ્રંથ સૂચિ

- **ગુજરાતી**


૧. છૂટાંછવાયા વસતા રાજ્યમાં ગુજરાત ;દિલીપ પરમાર ,ઠાકોર નાયક ,ચંદ્રકાંત ઉપાધ્યાય આદિવાસી ;આયોજન માટેનું તેમને અને અભ્યાસ આર્થિક સામાજિક આદિવાસીઓનો ૧૯૯૨ .આ.પ્ર ,અમદાવાદ ,વિદ્યાપીઠ ગૂજરાત કેન્દ્ર તાલીમ અને સંશોધન

૨. અમદાવાદ ,શબ્દમંગલ ;લોકમાં-નવલ ;જયંત કોઠારી

૩. અમદાવાદ ,પ્રકાશન શબ્દલોક ;મેઘલીરાતે ;ચંદ્રકાંત ગાંધી

૪. ;નૃત્યો આદિવાસી ગુજરાતના દક્ષિણ ;ધીરુ પટેલ,કુલીન પટેલ,વિક્રમ ચૌધરી,મનોજ ચૌધરી વડોદરા ,કેન્દ્ર પ્રકાશન સંશોધન ભાષા

૫. ચૌધરી રઘુવીર અમદાવાદ ,લયકાર્યા ગ્રંથરત્ન ગૂર્જર ;નવલિકાઓ ગ્રામચેતનાની ;રમેશ દવે,

૬. જાદવ જોરાવરસિંહ૨૦૦૧ .આ.પ્ર ,અમદાવાદ ,એજન્સી ગૂર્જર ;દર્શન સંસ્કૃતિ ગુજરાતનું ;

૭. ૨૦૦૪ .આ.પ્ર ,અમદાવાદ ,એજન્સી ગૂર્જર ;કસબ અને કલા :લોકજીવન ;જોરાવરસિંહ જાદવ

૮. જોરાવ જાદવરસિંહ ,માર્ગ ગાંધી ,પુલ ફર્નાડીસ ,ભંડાર પુસ્તક લક્ષ્મી ;પશુઓ લોકસંસ્કૃતિમાં ; અમદાવાદ

૯. જાની બળવંત ,ગાંધીનગર ,ભવન વિધાનસભા જૂનું ,અકાદમી સાહિત્ય ગુજરાત ;વનસ્વર ; ૨૦૦૪ .આ.પ્ર

૧૦. જોષી અરુણાવડોદરા ,કેન્દ્ર પ્રકાશન સંશોધન ભાષા ;ઢોલ ;

૧૧. જોષી જયાનંદરાજન ;ા આદિવાસી છેલિયા૧૯૮૫ .આ.પ્ર ,અકાદમી સાહિત્ય ગુજરાત ;

૧૨. ઠાકર મીનાક્ષી ,અમદાવાદ ,બોર્ડ ગ્રંથનિર્માણ યુનિવર્સિટી ;માધ્યમો સંપ્રેષણ અને આદિવાસી ;
૨૦૦૭ .આ.પ્ર

૧૩. ઠાકર મીનાક્ષી ,અમદાવાદ ,બોર્ડ ગ્રંથનિર્માણ યુનિવર્સિટી ;વન અને વિકાસ આદિવાસી ;
૨૦૦૪ .આ.પ્ર

૧૪. ઠાકર લાભશંકર અમદાવાદ ,પ્રકાશન રન્નાદે ;વૃક્ષ વિનિમય ;

૧૫. ડાભી નવજી ભાટિયા ,ટ્રસ્ટ ચેરીટેબલ જોષી ચુનિલાલ શિવરામ ;લોકદેવ અરવલ્લીના ;
૨૦૦૫ .આ.પ્ર ,મુંબઈ કેમેરા સેન્ટ્રલ ,લેન જીવાજી નિવાસ

૧૬. તડવી શંકર ૧૯૮૬ .આ.પ્ર ,વડોદરા ,સંગ્રહાલય આદિવાસી ;લોકમેળા આદિવાસી ;

૧૭. ,વડોદરા ,પ્રકાશન ઝરણું ;કલાવારસો આદિવાસીઓનો ;શંકરભાઈ તડવી ,રેવાબહેન તડવી
૧૯૭૯ .આ.પ્ર

૧૮. ,લોકસાહિત્યાલય ;સ્વાધ્યાય સંસ્કૃતિનો આદિવાસી ;શંકરભાઈ તડવી ,રેવાબહેન તડવી
૧૯૮૩ .આ.પ્ર ,અમદાવાદ ,સેન્ટર કોમર્શીયલ અજન્ટા

૧૯. તડવી શંકરભાઈવિપ ;લોકમેળા આદિવાસી ;ુલ પ્રકાશન ૧૯૮૬ .આ.પ્ર ,અમદાવાદ ,

૨૦. તડવી શંકરભાઈ ,કમલાનગર ,સોસાયટી સાહસપાર્ક ;સ્વાધ્યાય સ્કૃતિનોસં આદિવાસી ;
૨૦૦૧ .આ.પ્ર ,વડોદરા

૨૧. દરજી પ્રવીણ ૧૯૯૩ .આ.પ્ર ,અમદાવાદ ,કાર્યાલય ગ્રંથરત્ન ગૂર્જર ;પ્રસ્તુત ;

૨૨. દરજી પ્રવીણગ્ યુનિવર્સિટી ;સ્વરૂપ નવલકથા ;રંથનિર્માણ બોર્ડ ૧૯૯૭ .આ.દ્વિ ,અમદાવાદ ,

૨૩. દવે રમેશ ,અમદાવાદ ,પરિષદ સાહિત્ય ગુજરાતી ,૫-ગ્રંથ ઇતિહાસ સાહિત્યનો ગુજરાતી ;
૨૦૦૫ .આ.પ્ર

૨૪. દવે રાજેન્દ્ર રાજકોટ ,ભંડાર પુસ્તક પ્રવીણ ;ગામડું વિસરાતું ;

૨૫. દવે સંજય તાલીમ અને સંશોધન આદિવાસી ગુજરાત આદિવાસી ;કેન્દ્ર ,વિદ્યાપીઠ ગૂજરાત ;
અમદાવાદ

૨૬. દેવી ગણેશ ;!છે જાણે આદિવાસી ;પૂર્વ પ્રકાશન ,પાછળ મીલ દિનેશ ,સોસાયટી શ્રીનગર , ૨૦૧૧ .આ.ત્રી ,વડોદરા ,અકોટા

૨૭. પટેલ કાનજી અમદાવાદ ,ટ્રસ્ટ નક્ષત્ર ;પર ધાર કોતરની ;

૨૮. પટેલ પંકજ ,હનુમાન બાલા ,ગાંધીમાર્ગ ,પ્રકાશન આદર્શ ;લોકગીતો આદિવાસીઓના ; ૨૦૧૦ .આ.પ્ર ,અમદાવાદ

૨૯. પટેલ ભગવાનદાસ ,પટેલ અમિત ,પટેલ તારામતી - પ્રકાશક ;આસ્થા પહાડની અરવલ્લી ; સાબરકાંઠા .જિ ,હિમ્મતનગર .તા ,જામળા .પો.મુ

૩૦. પટેલ ભગવાનદાસખ માહિતી ;ઓળખ આદિવાસી ;ાતું ગાંધીનગર ,રાજ્ય ગુજરાત ,

૩૧. પટેલ ભગવાનદાસ ,અકાદમી સાહિત્ય ગુજરાત ,વારતા-રાઠોર ;મહાકાવ્ય લોક ભીલ ; ગાંધીનગર

૩૨. પટેલ મણિલાલ અમદાવાદ ,પ્રકાશન પાર્શ્વ ;અંધારું ;

૩૩. પટેલ મીનાબહેન ગુજરાત ઉત્તર હેમચંદ્રાચાર્ય ;લોકવાંગ્મય સમાજનું રાઠવા આદિવાસી ; યુનિવર્સિટી પાટણ ,

૩૪. પવાર પુંડલિક' ,પબ્લિકેશન્સ આશિષ ;કહેવતો ડાંગી ;ભામિન હાઉસ ,'કૃષ્ણ રોડ ,આણંદ , ૨૦૦૬ .આ.પ્ર

૩૫. પાણિકર નારાયણ ટ્રસ્ટ બુક નેશનલ નિયામક ;સંસ્કૃતિ અને લોકો કેરળ ;શશિન ઓઝા .અનુ ; ૨૦૦૦ .આ.પ્ર ,દિલ્હી નવી ,ઇન્ડિયા

૩૬. પાત્રાવાલા મોનાભ ઘોરખોદિયા ;ાગ અમદાવાદ ,પ્રકાશન પાર્શ્વ ;૨,૧-

૩૭. બંદોપાધ્યાય વિભૂતિભૂષણ અમદાવાદ ,પ્રકાશન પરિવાર ,વલોણું વિચાર ;આરણ્યક ;

૩૮. બંદોપાધ્યાય વિભૂતિભૂષણદિલ્હી નવી ,અકાદમી સાહિત્ય ;આરણ્યક ;

૩૯. બામણીયા જયંતિલાલ ,એજન્સી બુક અક્ષર ;સમસ્યાઓ પ્રવર્તમાન સમાજમાં આદિવાસી ; અમદાવાદ ૨૦૧૭ .આ.પ્ર ,

૪૦. ભટ્ટ અરવિંદ ૨૦૧૮ .આ.દ્વિ ,સુરત ,પ્રતિષ્ઠાન કલા ગુજરાત ;ભીંતચિત્ર પિઠોરો રાઠવાનો ;

૪૧. ભટ્ટાચાર્ય વીરેન્દ્રકુમાર દિલ્હી નવી ,અકાદમી સાહિત્ય ;ઇયારુઇંગમ ;

૪૨. મહેતા ભરત;વાક્ય ભરત ; રાવલ પ્રકાશન  પાટણ ,

૪૩. મહેતા ભાવના ;ગોવર્ધન શર્મા ,સંસ્કૃતિ સેતુ કચ્છ .આ.પ્ર ;ગાંધીનગર ,પ્રકાશન જ્ઞાનલોક ; ૧૯૯૮

૪૪. મોદી નવીન ભક્તિ પ્રફુલ્લ ;સંદર્ભ સંસ્કૃતિ અને બોલી સંચય કહેવત મીતગા ;દક્ષા વ્યાસ , વ્યારા ,કૉલેજ કોમર્સ ઍન્ડ આર્ટસ્ ,કેન્દ્ર સંશોધન અને શિક્ષણ અનુસ્નાતક

૪૫. યાજ્ઞિક હસુ ;વિજ્ઞાન વિદ્યા લોક ;યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ૨૦૦૧ .આ.પ્ર ,અમદાવાદ ,

૪૬. યાજ્ઞિક હસુ ,અમદાવાદ ,કાર્યાલય ગ્રંથરત્ન ગૂર્જર ;પ્રકાર અને વિભાવના :લોકસાહિત્ય ; ૨૦૦૨ .આ.પ્ર

૪૭. યોગી કનુ સ્કાય ;જડીબુટ્ટીઓ પરંપરાગત તેમની અને લોકવૈદ્યો આદિવાસી અરવલ્લી ; પઢિયા શાંતા ,પબ્લિકેશન્સર રોડ ૨૦૦૪ .આ.પ્ર ,સાબરકાંઠા ,વસાહત સરકારી ,

૪૮. રાઓલજી મહીપતસિંહ અમદાવાદ ,કાશનપ્ર આદર્શ ;સાધર્મ્ય ;

૪૯. રાઠવા નીતા ;(૩-ભાગ) લગ્નગીતો સમાજમાં રાઠવા ;વિકેશ ,નારણ ,ભાષા સંશોધન પ્રકાશ કેન્દ્ર વડોદરા ,

૫૦. રાવલ નટુભાઈ અમદાવાદ ,પ્રકાશન નીરવ ;શિક્ષણ સમાજમાં ભારતીય વિકાસમાન ;

૫૧. રૉય અરુંધતિ ૧૯૯૯ .આ.પ્ર ,દિલ્હી નવી ,પ્રકાશન રાજકમલ હિતાય બહુજન ;

૫૨. વસાવા લાલુભાઈ આહવા ,સંસ્થા શોધ યાહામોગી ;સંસ્કારો આદિવાસી ;

૫૩. વહોનિયા સુરમલ વડોદરા ,પ્રકાશન પૂર્વ ;દાપું ;

૫૪. વહોનિયા સુરમલ વડોદરા ,પબ્લિકેશન્સ ભાષા ;મંડોળ ;

૫૫. વૈદ્ય શરદ ,સરકાર ભારત ,મંત્રાલય પ્રસારણ અને માહિતી ;નૃત્યો આદિવાસી ગુજરાતના ; દિલ્હી નવી ,હાઉસ પટિયાલા

૫૬. વ્યાસ ચંપૂ અમદાવાદ ,બોર્ડ ગ્રંથનિર્માણ યુનિવર્સિટી ;પદ્ધતિ સંશોધનની સાહિત્ય ;

૫૭. શાહ સંદિપ ,અમદાવાદ ,મંદિર સાહિત્ય નવભારત ;રળનારો રોકાણે વગર ગામડું ગરવું ; ૨૦૦૬ .આ.પ્ર

૫૮. સેદાણી હસુતાબહેન ,અમદાવાદ ,બોર્ડ ગ્રંથનિર્માણ યુનિવર્સિટી ,લોકસંસ્કૃતિ ગુજરાતની ; ૨૦૦૧ .આ.પ્ર

- **અંગ્રેજી**

1. Channa Subhadra; International Encyclopedia of Tribal Religion, Oracles, Omens and Dreams, Cosmo Publications, India
2. Mushirul Hasan; People of the Jungle; Manohar Publishers & Destributors, Ansari Road, Dariyaaganj, New Delhi, first Pub. 2008
3. Ram Uma, Ram K. S.; Tribal Songs Ballads and Oral Epics of Bastar; B. R. Rhythms Nimri Colony, Ashok Vihar, Delhi, F.P. 2012
4. Ratnagar Shereen; Being Tribal; Primus Books Animprint of Ratna Sagar P. Ltd., Mukherjee Nagar, Commercial Complex, Delhi, F.P. 2010
5. Yadav Kumkum; Tribals in Indian Narratives, Indian Institute of Advanced Study, Rashtrapati Nivas, Shimla, F.P. 2003
6. Yagnik Hasu; The Tribal Literature of Gujarat; Publishers Nayan Suryanand Lok pratishthan, Mumbai, F.P. 2004

# પરિશિષ્ટ ૨

## કૃતિ સૂચિ


| **કૃતિ** | | **પૃષ્ઠ નંબર** |
|---|---|---|
| અરણ્યનો અધિકાર | : | ૩૧૦, ૩૧૨, ૩૧૩, ૩૨૨, ૩૨૩ |
| અરવલ્લી | : | ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૧૯૧, ૨૦૮, ૩૩૫ |
| અંધારું | : | ૭૭, ૮૦, ૮૯, ૯૫, ૧૦૬, ૧૦૭, ૧૧૦, ૧૧૨, ૩૩૪ |
| આરણ્યક | : | ૨૩૫, ૨૩૬, ૨૪૧, ૨૪૨, ૨૪૪, ૨૪૫, ૨૭૮, ૨૭૯, ૨૮૦, ૨૮૧, ૩૩૨ |
| ઇયારુઇંગમ્ | : | ૨૮૨, ૨૯૮, ૩૦૧, ૩૦૫, ૩૦૬ |
| કોતરની ધાર પર | : | ૪૬, ૪૭, ૫૦, ૭૪, ૩૩૩ |
| દાપું | : | ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૩૨, ૩૩૫ |
| મહાભારત | : | ૭, ૧૭૪, ૨૪૧ |
| મંડોળ | : | ૧૨૮, ૧૨૯, ૧૫૩, ૧૫૬, ૧૬૪, ૧૬૫, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૩૩૪ |
| મેઘલી રાતે | : | ૧૪, ૧૫, ૧૬, ૨૧, ૨૨, ૩૧, ૪૩, ૪૪, ૩૩૨ |
| રામાયણ | : | ૭, ૧૭૫, ૨૩૯, ૨૪૧ |
| વગડો | : | ૧૧૪, ૧૧૭, ૧૧૯, ૧૨૦, ૧૨૨, ૧૨૫, ૧૨૬, ૩૩૩ |
| વેદ | : | ૮, ૨૪૦, ૨૪૧ |
| સરસ્વતીચંદ્ર | : | ૪૯ |

# પરિશિષ્ટ ૩

## કર્તા સૂચિ


| કર્તા | | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ઉશનસ્ | : | ૧૧૪ |
| એરિસ્ટોટલ | : | ૧૮ |
| ગાંધી ચંપકલાલ | : | ૧૪ |
| ગાંધીજી | : | ૧૫, ૧૭ |
| ઝવેરી સુકન્યા | : | ૩૦૯ |
| દેવી મહાશ્વેતા | : | ૩૦૯ |
| પટેલ કાનજી | : | ૪૬, ૭૪ |
| પટેલ ધીરુબહેન | : | ૧૭૯, ૩૩૪ |
| પટેલ ભોળાભાઈ | : | ૨૮૨ |
| પટેલ મણિલાલ | : | ૭૬, ૭૭, ૧૧૧ |
| પ્લેટો | : | ૧૭ |
| બંદોપાધ્યાય બિભૂતિભૂષણ | : | ૨૩૫, ૨૩૬, ૨૮૧ |
| ભટ્ટાચાર્ય વીરેન્દ્રકુમાર | : | ૨૮૨ |
| મહેતા ચંદ્રકાન્ત | : | ૨૩૫ |
| માર્કસ્ | : | ૧૮, ૨૧ |
| મીરાંબાઈ | : | ૨૦૧ |
| મૈક્સમૂલર | : | ૮ |
| વહોનિયા સુરમલ | : | ૧૨૮, ૨૧૨ |
| સોલંકી કિશોરસિંહ | : | ૧૭૮, ૨૦૮ |

# પરિશિષ્ટ ૪

## સામયિક સૂચિ


૧. ગામિત રાજેશ ;(જૂન-મે ,૨૦૦૯)દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં હાળી (વેઠ) ૨૦-૧૭ ,૨ ,આદિલોક ;પ્રથા

૨. ગૌત્તમ માલિની ;(ઑક્ટોબર-સપ્ટેમ્બર ,૨૦૧૪)ઝાબુઆનો સાંસ્કૃતિક વારસો ; ૧૬-૧૫ ,૫ ,આદિલોક

૩. ચૌહાણ અજયસિંહ ;સંસ્કૃતિ આદિવાસી કવિતામાં ગુજરાતી (એપ્રિલ-માર્ચ ,૨૦૧૫) આદિલોક ૧૮-૧૬ ,૨ ,

૪. દવે હર્ષિદા ;(ડીસેમ્બર-નવેમ્બર ,૨૦૦૯)ભારતના આદિવાસી સમુદાયો ,આદિલોક ; ૧૧-૬ ,૫

૫. પંડ્યા હાસ્યદા ;(ડીસેમ્બર-નવેમ્બર ,૨૦૧૬)ગુજરાતની આદિવાસીજાતિનાં સમાજ , ૩૦-૨૬ ,૬ ,આદિલોક ;સાહિત્ય અને સંસ્કૃતિ

૬. મહેતા ભરત ;(ઑક્ટોબર-સપ્ટેમ્બર ,૨૦૧૪)સમકાલીન ગુજરાતી વાર્તામાં નવો અવાજ ;'વન્યરાગ'આદિલોક ૪૫-૪૨ ,૫ ,

૭. રોહિત રતિલાલ ;(ફેબ્રુઆરી-જાન્યુઆરી ,૨૦૧૧)દક્ષિણ ગુજરાતના હાળી ગુલામોની દારૂણ દશાને નિરૂપતી નવલકથા ;'મેઘલીરાતે'આદિલોક ૩૩-૩૦ ,૭ ,

૮. વસાવા કનુ ,૨૦૧૧)જુલાઈ ;(ઑગસ્ટ-આદિવાસી ઓળખ રજૂ કરતાં શબ્દોની ફેરતપાસ ૧૧-૧૦ ,૪ ,આદિલોક ;

૯. વસાવા કનુ ;(જૂન-મે ,૨૦૧૬)સૃષ્ટિ સંવર્ધનની સંસ્કૃતિ ૨૨-૧૮ ,૩ ,આદિલોક ;

૧૦. વહીઆ કાન્તિલાલ ;(ઑક્ટોબર-સપ્ટેમ્બર ,૨૦૧૪)આદિવાસીઓ પર્યાવરણનાં સંવર્ધક અને સંરક્ષક ૧૫-૧૪ ,૫ ,આદિલોક ;

૧૧. વહોનિયા સુરમલ ;(ફેબ્રુઆરી-જાન્યુઆરી ,૨૦૧૧)મારું સર્જન અંકે પરંપરાને : ૧૫-૧૪ ,૭ ,આદિલોક ;મથામણ કરવાની


●